1. ભારત કઈ વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિ ધરાવે છે?

➢ ભારતની વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિએ તેનો ઇતિહાસ ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ઉત્તરમાં હિમાલયની પર્વતમાળાઓ, પશ્ચિમે અરબી સમુદ્ર, દક્ષિણમાં હિંદ મહાસાગર અને પૂર્વમાં બંગાળના ઉપસાગરથી ઘેરાયેલો ભારત વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિ ધરાવે છે.

2. ઇતિહાસકારો ઇતિહાસનું આલેખન કઈ રીતે કરે છે?

➢ ઇતિહાસકારો તેમને મળેલ અનેકવિધ સાધનસામગ્રીનો વૈજ્ઞાનિક ઢબે ઉપયોગ કરી લાંબા સમયગાળા સુધીની રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિઓનું મૂલ્યાંકન કરે છે. તે ઘટનાઓ કેવી રીતે બનવા પામી તેનો સમાજ પર શો પ્રભાવ પડ્યો વગેરે બાબતો સ્પષ્ટ કરે છે, કોઈ નવીન માહિતી પ્રાપ્ત થતાં ઇતિહાસની નવી નવી વ્યાખ્યાઓ કરે છે. તેઓ હકીકત અને કલ્પના વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરે છે. આમ, ઇતિહાસકાર ઐતિહાસિક આધારોને તપાસી તેમની સત્યતાઓનું આલેખન કરે છે.

3. અશોકના શિલાલેખો કઈ લિપિમાં લખાયેલા છે?

➢ ભારતમાં સૌથી જૂના શિલાલેખો અશોકના સમયના છે. અશોકના શિલાલેખો પ્રાકૃત ભાષામાં બ્રાહ્મીલિપિમાં લખાયેલા છે. ઉત્તર-પશ્ચિમ ભારતમાંથી મળી આવેલા અશોકના શિલાલેખોની લિપિ ખરોષ્ઠી છે. અફઘાનિસ્તાનમાંથી મળી આવેલા અશોકના શિલાલેખો આરામી (ગ્રીક) લિપિમાં લખાયેલા

4. વિદેશોમાંથી મળી આવેલા કયા અભિલેખોમાંથી ભારતનો ઇતિહાસ જાણવા મળે છે ?

➢ વિદેશોમાંથી મળી આવેલા અભિલેખોમાંથી ભારતનો ઇતિહાસ જાણવા મળે છે. એશિયા માઇનોર(તુર્ક)માં આવેલા બોગઝકોઈ નામના સ્થળેથી ઈ. સ. પૂર્વે 1400નો અભિલેખ મળ્યો છે, જેમાં વૈદિક દેવતાઓની નોંધ છે. પર્સિપોલિસ અને બહિસ્તનના અભિલેખોમાંથી ભારત પરની ઈરાની આક્રમણની માહિતી મળે છે. ઇજિપ્તના તેલ- અલ-અમર્નમાંથી મળી આવેલી માટીની તકતીઓ પરથી ઈરાન અને ભારતના રાજાઓ જેવા બેબીલોન રાજાઓનાં નામ મળે છે.

5. "મૂર્તિઓ ઇતિહાસ જાણવાનું અગત્યનું સાધન છે." સમજાવો.

➢ મૂર્તિઓ પણ ઇતિહાસ જાણવાનું અગત્યનું સાધન છે. કુષાણ, ગુપ્ત અને ગુપ્તયુગ પછી મૂર્તિ સ્થાપત્ય જોવા મળે છે. કુષાણયુગની મૂર્તિલામાં વિદેશી પ્રભાવ વધુ જોવા મળે છે. મૂર્તિકલામાં ગાંધાર કલાશૈલી અને મથુરા કલાશૈલી સર્વશ્રેષ્ઠ છે. સાંચી, અમરાવતી, ભાસ્કૃત અને બોધગયામાં મૂર્તિઓમાં કલાનો વિકાસ જોવા મળે છે.

6. ''ચિત્રકલા ઇતિહાસ જાણવાનું અગત્યનું સાધન છે.'' સમજાવો.

- પાષાણયુગથી ચિત્રકલા ભારતીય ઇતિહાસ જાણવાનું મહત્ત્વપૂર્ણ માધ્યમ છે, ભીમબેટકાનાં ગુફાચિત્રો તેનો ઉત્તમ નમૂનો છે. ગુપ્તયુગમાં ચિત્ર કલાનો ઉત્તમ વિકાસ થયો હતો. અજંતાની ગુફાઓના વિશ્વવિખ્યાત ચિત્રો એ ચિત્રકલાની ઉન્નતિનું ચરમબિંદુ છે. ઇલોરા , બાઘ વગેરે સ્થળેથી ચિત્રકલાના અનેક પુરાવા મળ્યા છે.